છીપવાડ, મોગરાવાડી અને અબ્રામા જેવા પ્રભાવિત વિસ્તારોમાં સફાઈ કામગીરી સમયસર થઇ નહીં

વલસાડમાં સફાઈ મુદ્દે લોકોમાં આક્રોશ

બે દિવસ બાદ નેતાગીરી કરવા ગયેલા નેતાઓનો લોકોએ ઉધડો લેતાં ભાગવું પડ્યું

અબ્રામાની સોસાયટીઓમાં હજુ પણ પાણી ભરાયેલા હોવાથી શાસક પક્ષના સભ્યોની જ નારાજગી

દાણા બજારના બગડેલું અનાજ નાખવાનો મુદ્દો ગરમાયો

વલસાડના દાણા બજારમાં બગડેલું અનાજ સામાન્ય રીતે ઔરંગા નદીમાં જ પધરાવાતું હોય છે. આ વખતે પણ રેલમાં બગડેલું અનાજ કેટલાક વેપારીઓ ત્યાં નાખી આવ્યા હતા. જેના કારણે પાલિકાના માજી પ્રમુખ રાજુ મરચાંએ તેનો ભારે વિરોધ કર્યો હતો. તેમણે આ અનાજનો જથ્થો પાણીમાં નાખે તો તે તેમના વિસ્તારમાં આવે તેવી દહેશત વ્યક્ત કરી હતી. તેમજ ગણેશોત્સવ બાદ ગણેશ વિસર્જનમાં તેના કારણે મુશ્કેલી ઉભી થાય એવું જણાવ્યું હતુ.

છીપવાડના દાણા બજારમાં રોગચાળાની દહેશત

વલસાડ છીપવાડ દાણા બજારમાં હજુ પણ અનાજનો જથ્થો જેમનો તેમ જોવા મળ્યો છે. વેપારીઓને નગરપાલિકા સર્ટીફિકેટ આપે તો તેઓ વીમા કંપનીને એ સર્ટીફિકેટ રજૂ કરી શકે અને પછી તેમનો ક્લેઇમ મંજૂર કરી શકે તેમ છે, પરંતુ પાલિકા દ્વારા તેમને સત્વરે સર્ટીફિકેટ ન અપાતાં બીજા દિવસે પણ બગડેલા અનાજનો જથ્થો જેમનો તેમ જોવા મળ્યો હતો અને આખું દાણા બજાર તેના કારણે દુર્ગંધયુક્ત બની ગયું હતુ.

વલસાડ : વલસાડમાં બે દિવસથી વરસાદનું જોર ધીમું પડ્યું છે. જેને લઇ પાણી ઓસર્યા છે. તેમ છતાં પાલિકા દ્વારા સફાઈની કામગીરી ચોક્કસ સ્થળોએ જ થતાં અનેક રેલગ્રસ્ત વિસ્તારના લોકોમાં આક્રોષ ફાટી નિકળ્યો હતો. જેમણે મીડિયા સમક્ષ પોતાની આપવીતી ઠાલવી હતી. જેને લઇ નેતાગીરી કરવા ગયેલા પાલિકાના સભ્યોનો લોકોએ ઉધડો લીધો હતો.

વલસાડમાં ભારે વરસાદના કારણે અનેક વિસ્તારોમાં રેલ આવી ગઇ હતી. જેમાં ખાસ કરીને છીપવાડ વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો હતો. આ સિવાય મોગરાવાડી અને અબ્રામા વિસ્તારમાં પણ વરસાદી પાણી ભરાયા હતા. જેના કારણે અનેક લોકોની હાલત કફોડી બની હતી. અહીં સફાઇ થઇ ન હતી. જેને લઇ અહીંના લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. તેમની વેદના મીડિયા સમક્ષ આવતા સ્થાનિક નેતાઓ ત્યાં પહોંચ્યા હતા. જોકે, લોકોએ તેમને આડેહાથે લીધા હતા. જેના કારણે તેઓએ ત્યાંથી નિકળી જવું પડ્યું હતુ. બીજી તરફ કેટલાક વિસ્તારોમાં ભાજપી સભ્યોએ જ તંત્ર વિરૂદ્ધ પોતાનો આક્રોષ ઠાલવ્યો હતો. વલસાડમાં વરસાદ બાદ પણ અબ્રામાની કેટલીક સોસાયટીઓમાં પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. જેના કારણે ત્યાંના સ્થાનિક સભ્યોએ જ પાલિકા વિરૂદ્ધ પોતાનો આક્રોષ વ્યક્ત કર્યો હતો. જોકે, સબ સલાતમ હૈ ની ગુલબાંગ પુકારતી પાલિકાની કામગીરી ગ્રાઉન્ડ લેવલે જઈને જોતાં તેઓ ધરાર નિષ્ફળ નિવડ્યા હોવાનું જોવા મળ્યું હતુ.

બે-ત્રણ દિવસમાં સિઝનનો અડધો વરસાદ થઈ ૧૦૦ ઇંચને આંબી ગયો

વલસાડમાં સિઝનનો ૫૦% વરસાદ માત્ર 3 દિવસમાં પડી ગયો

નીચાણવાળા વિસ્તારો અને અનાજના ગોડાઉનોમાં ૧૦ થી ૧૨ ફૂટ પાણી ઘૂસ્યા

પૂર ઓસર્યા બાદ ઘરોમાં કાદવ-કીચડનું સામ્રાજ્ય, ઘરવખરી નષ્ટ થતાં લોકોની હાલાકી

છેલ્લા પાંચ દિવસમાં કુલ વરસાદનો ફરક

તાલુકો	19-07-2026	24-07-2026	તફાવત (ઇંચમાં)
વલસાડ	36.68	81.44	44.76
ધરમપુર	25.72	70.4	44.68
પારડી	37.88	87.4	49.52
કપરાડા	43.6	104.96	61.36
ઉમરગામ	37.92	101.4	63.48
વાપી	34.56	75.64	41.08
નાનાપોંઢા	29.48	86.8	57.32

વાપી : વલસાડ જિલ્લામાં બે-ત્રણ દિવસમાં વરસાદે તેના બધા રેકોર્ડ તોડીને સિઝનનો અડધો વરસાદ એટલે કે ૫૦ ઇંચ જેવો સરેરાશ વરસાદ પડી જતા પૂરને કારણે ઘણી તારાજી જોવા મળી છે. વાપી, વલસાડ, પારડી, કપરાડા, ઉમરગામમાં વધુ વરસાદને કારણે જનજીવન હજી થાળે પડતા સમય લાગશે. નદીઓના પૂરની સાથે આભ ફાટવા જેવા વરસાદથી ઘણી જગ્યાએ પાણી ભરાઈ ગયા હતા. ગુરુવારે મોડી સાંજ પછી વરસાદે પોરો ખાતા વલસાડ જિલ્લામાં જનજીવન ફરી ધબકતું થયું છે. શુક્રવાર-શનિવારે દિવસ દરમિયાન વરસાદના ઝાંપટાઓ જોવા મળ્યા છે. પણ છેલ્લા બે-ત્રણ દિવસ વલસાડ જિલ્લાના લોકો માટે ભારે ગયા છે. ૧૯૬૮ની રેલ બાદ નદીઓમાં આ પ્રકારના ઘોડાપૂર જોવા મળ્યા હતા. કેટલાક તાલુકામાં આ સિઝનનો કુલ વરસાદ ૧૦૦ ઇંચને આંબી ગયો હતો. વલસાડના છીપવાડ જે અનાજના જથ્થાબંધ વેપારીઓના ગોડાઉન હોવાથી અહીં દસ ફૂટ જેવા પાણી ફરી વળતા મોટું નુકશાન થયું છે. બીજી તરફ ઘણી સોસાયટીઓમાં પણ પાણી ફરી વળતા ઘરવખરીનું નુકશાન વલસાડ,પારડી,વાપી,ઉમરગામમાં જોવા મળ્યું છે.

મધુબન ડેમને નુકસાન થયાની અફવાનું કલેક્ટર દ્વારા ખંડન

દાદરા નગર હવેલીના આરડીસીએ ડેમની સામે ઊભા રહી વિડીયો બનાવી લોકોને વિશ્વાસ અપાવ્યો

વાપી : મધુબન ડેમને નુકશાન થયું હોવાની સોશિયલ મીડિયામાં અફવા ફેલાતા વલસાડ જિલ્લા કલેક્ટર નિતીન સાંગવાને વિડીયો મેસેજ દ્વારા આવી અફવાઓથી લોકોને દૂર રહેવા જણાવ્યું હતું. તેમણે કહ્યું કે, ડેમને કોઈ નુકશાન થયું નથી. તેમણે આવી કોઈ પણ અફવાને ધ્યાન પર નહીં લેવા માટે લોકોને આગ્રહ કર્યો હતો. તેમણે વહિવટી તંત્રના જવાબદાર અધિકારીઓથી આવી કોઈ પણ વાતની પહેલા ખરાઈ કરી લેવા પણ સૂચન કર્યુ હતું. તેમણે કહ્યું હતું કે મધુબન ડેમને કોઈ નુકશાન થયું નથી અને ડેમમાંથી મોટા પ્રમાણમાં પાણી છોડવાની વાત પણ ખરી નથી. આવી અફવાથી લોકોએ દૂર રહીને સતર્ક રહેવાની જરૂર છે.

આ ઉપરાંત દાદરા નગર હવેલીના આરડીસી અમિતકુમારે એક વિડીયો ડેમની આગળ ઊભા રહીને ડેમ સલામત હોવાની લોકોને ખાતરી કરાવી હતી. તેમણે આવા કોઈ પણ ફેક ન્યૂઝ કે અફવાને ધ્યાન પર નહીં લેવા આગ્રહ કર્યો હતો. તેમજ કોઈ પણ સૂચના પર ત્યારે જ વિશ્વાસ કરવો કે જે સમાચાર સરકારના અધિકૃત વ્યક્તિ દ્વારા આવ્યા હોય. આ ઉપરાંત વલસાડના એસપી યુવરાજસિંહ જાડેજાએ પણ એક વિડીયોના માધ્યમથી લોકોને સતર્ક કર્યા હતા કે ડેમ વિશે અફવા છે. આવી અફવાથી દોરવાશો નહીં. આવી અફવા ફેલાવનારા સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી કરવા જઈ રહી છે.

પ્રદેશ અધ્યક્ષ અને નાણાં મંત્રી સલવાવની મુલાકાતે

વાપીઃ ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ પંચાલ, પ્રદેશ મહામંત્રી પ્રશાંતભાઈ કોરાટ, નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલભાઈ પટેલ તેમજ જિલ્લા ભાજપ પ્રમુખ હેમંતભાઈ કંસારાએ વાપીના સલવાવ (વોર્ડ નં.૩) ખાતે ભારે વરસાદથી પ્રભાવિત ક્ષેત્રોની સ્થળ-મુલાકાત લઈ પ્રભાવિત અને જરૂરિયાતમંદ પરિવારોને દૈનિક જીવનજરૂરિયાતની સામગ્રી ધરાવતી અનાજ કિટ તેમજ ફૂટ વિતરણ કરી હતી.

આપત્તિની આ ઘડીમાં પ્રભાવિત નાગરિકોની વહારે રહીને અનાજ કિટ તથા ફૂટનું રાહત વિતરણ કરવામાં આવ્યું તેમજ સ્થાનિકો સાથે ચર્ચા-વિચારણા કરી વહીવટી તંત્ર દ્વારા જરૂરી તમામ સહાય સુનિશ્ચિત કરવામાં આવી હતી.

વલસાડ જિલ્લાના કપરાડામાં 5.47 ઇંચ વરસાદ

વલસાડ : વલસાડ જિલ્લાકન્ટ્રોલ રૂમના આંકડા મુજબ 24 જુલાઈ સાંજે 6 વાગ્યાથી 25 જુલાઈ સાંજે 6 વાગ્યા સુધીના 24 કલાકમાં સૌથી વધુ કપરાડામાં 139 મીમી એટલે કે 5.47 ઈંચ વરસાદ ખાબક્યો હતો. છેલ્લા 24 કલાકમાં વલસાડમાં 84 મીમી (3.31 ઈંચ), ધરમપુરમાં 44 મીમી (1.73 ઈંચ), પારડીમાં 25 મીમી (0.98 ઈંચ), કપરાડામાં 139 મીમી (5.47 ઈંચ), ઉમરગામમાં 33 મીમી (1.30 ઈંચ), વાપીમાં 10 મીમી અને નાનાપોંઢામાં 78 મીમી વરસાદ નોંધાયો છે.

અમૃત પટેલ

પારડી PI ગોહિલ બોટ મારફત લોકોનું રેસ્ક્યુ કરવા નીકળ્યા

પારડી : પારડીની અવધ સોસાયટીમાં ૧૫ ફૂટથી વધુ પાણી ભરાઈ જતાં બિલ્ડિંગોના પ્રથમ માળ સુધી પાણી પહોંચી ગયા હતા. આ જ સોસાયટીમાં પારડી પી.આઈ. વાય.બી. ગોહિલ પરિવાર સાથે રહે છે. તેમણે ખાખી'ની ફરજને પ્રથમ પ્રાથમિકતા આપી સેવાનું ઉદાહરણ પૂરું પાડ્યું છે. પોતાની સોસાયટીમાં જ પૂરના પાણી ફરી વળ્યા છતા PI ગોહિલે પરિવારને સુરક્ષિત રાખી, જીવના જોખમે ગેલેરીમાંથી નીચે ઉતરી બોટ મારફતે નીકળી ૫૦૦થી વધુ લોકોનું રેસ્ક્યુ કરી ફૂડ પેકેટનું વિતરણ કર્યુ હતુ. ખાખી ધારી તરીકે PI વાય.બી. ગોહિલે સાબિત કરી દીધું કે મુશ્કેલીના સમયે સમાજની સેવા કરવી એ જ પોલીસનો સાચો ધર્મ છે.

ઉમેશ સોલંકી

ભાજપ પ્રદેશ પ્રમુખે ઉમરગામની મુલાકાત લીધી

ઉમરગામ તાલુકામાં અતિભારી વરસાદ અને પૂરના કારણે આશરે 3090 કરોડ રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ

ઉમરગામ : ગુજરાત ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ ઉમરગામની શનિવારે મુલાકાત લઈ ત કીટનુ વિતરણ કર્યું હતુ.

મુલાકાત દરમિયાન ગુજરાત રાજ્યના નાણામંત્રી કનુભાઈ દેસાઈ, સાંસદ ધવલ પટેલ, ભાજપ પ્રમુખ હેમંત કંસારા, ધારાસભ્ય રમણ પાટકર, ઉમરગામ તાલુકા પંચાયત પ્રમુખ સંતોષભાઈ, ઉમરગામ તાલુકા ભાજપ પ્રમુખ ડો નિરવ શાહ, સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ અસરગ્રસ્તોની વેદનાઓ સાંભળી જણાવ્યું હતું કે રાજ્ય સરકાર તમારી પડખે ઊભી છે. તેમણે સહાય પૂરી પાડવાની ખાતરી આપી હતી. ધારાસભ્ય રમણ પાટકરે જણાવ્યું હતું કે રેકોર્ડ બ્રેક વરસાદના કારણે ઉમરગામના 35 ગામોમાં નુકસાન થયું છે. રસ્તાઓ ધોવાયા છે લોકોને ઘરવખરીને નુકસાન થયું છે. એકંદરે ઉમરગામમાં અંદાજે 3090 કરોડનુ નુકસાન થયું છે. સરકાર તરફથી પૂરતી મદદ મળશે એવો આશાવાદ તેમને વ્યક્ત કર્યા હતો.